## સંક્ષિપ્ત સમાચાર

### પાદરાના કાછીયા સમાજ દ્વારા ધારાસભ્યને ઓબીસીમાં સમાવવા માટે આવેદનપત્ર



**પાદરા :** પાદરા અજવાળિયા કાછીયા પટેલ પંચ પાદરાના હોદ્દેદારો દ્વારા પાદરા ના ધારાસભ્ય ચૈતન્યસિંહ ઝાલા ને જ્ઞાતિ ને ઓબીસીમાં સમાવવા માટે લેખિત આવેદનપત્ર આપી રજૂઆત કરી હતી, તેમજ ઓબીસીમાં સમાવવા માટેનું મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ, મંત્રી બાબુભાઈ બાબરીયા તથા સામાજિક અન્ય પ્રચારક વર્ગોના આયોગ સચિવ વિધાનસભા ભવનને ભલામણ માટે રજૂઆત કરી હતી. આજરોજ પાદરા અજવાળિયા કાછીયા પટેલ પંચ પાદરાના પ્રમુખ મંત્રી સહિતના હોદ્દેદારો ભેગા મળ્યા હતા અને પાદરાના ધારાસભ્ય ચૈતન્યસિંહ ઝાલા ને ઓબીસી માં સમાવવા માટે રજૂઆત કરી હતી

### પાદરાના એસટી ડેપોમાં વય મર્યાદાને કારણે નિવૃત્ત થતા વિદાય સમારંભ યોજાયો




**પાદરા :** એસટી ડેપોમાં સમય મર્યાદા અને વય મર્યાદા ને કારણે નિવૃત્ત થતા પાદરા ડેપોના કર્મચારી જેમાં બે ડ્રાઇવર જેવો નિવૃત થતા હોય તેમના માટે વિદાય સમારંભ નો આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પાદરા ડેપોના ડેપો મેનેજર તથા પાદરા ડેપોના એટીઆઈ તથા જુનિયર આસિસ્ટન્ટ ક્લાર્ક તથા મજુર મહાજન ના આગેવાન તથા સન્માન કરી તેમનો વિદાય સમારંભ રાખવામાં આવેલો હતો. જેઓએ તેઓનું તન મન ધન થી એસટી નિગમ માં સેવા આપી તે બદલ તેમનો ખૂબ ખૂબ આભાર માન્યો હતો.

### પાદરાના મુજપુર ગામે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે રક્તદાન કેમ્પ યોજાયો



**પાદરા :** પાદરાના મુજપુર ગામે આવેલ આરોગ્ય કેન્દ્ર ખાતે આયુષ્માન આરોગ્ય મંદિર-આરોગ્યૂ પરમ્ ધનમ્-પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર મુજપુર ખાતે બ્લડ ડોનેશન કેમ્પ નુ આયોજન કરેલ, જેમાં વડોદરા ની એસ.એસ.જી હોસ્પીટલ સંચાલીત બ્લડ બેન્ક ધ્વારા કેમ્પ કરવામાં આવેલ, મુજપુર ગામની જનતાએ બહોળી સંખ્યામાં હાજર રહી બ્લડ ડોનેશન કેમ્પને સફળ બનાવેલ, આ કેમ્પ માં રકતદાન કરેલ દાતાઓને જૈન ફાર્મ ફ્રેશ ફુડસ લીમીટેડ ઘોબીકુવા તરફથી જયુશ બોટલ ગીફ્ટ આપેલ, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર મુજપુરનાં તબીબ ડો.સુરતપ્યારી પરમાર તથા હેલ્થ સુપર વાઈઝર મયુર ચાવડા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર મુજપુર પરિવાર ધ્વારા સફળ સંચાલન કર્યુ હતુ.

### હાલોલ નગરના રામદેવપીરજી મંદિર ખાતે લોન ધિરાણ માર્ગદર્શન અંતર્ગત લોક દરબાર યોજાયો



**હાલોલ :** ગુજરાતમાં છેલ્લા કેટલાય દિવસોથી વ્યાજખોર તત્વો સામે પોલીસ દ્વારા ઝુંબેશ ચલાવવામાં આવી રહી છે જેમાં હાલોલ નગરના સ્ટેશન રોડ પર આવેલ શ્રી રામદેવજી મંદિર ખાતે હાલોલ ટાઉન અને હાલોલ રૂરલ પોલીસના સંયુક્ત ઉપક્રમે લોન ધિરાણ માર્ગદર્શન અંતર્ગત લોક દરબાર યોજાયો હતો જેમાં હાલોલની બેંક ઓફ બરોડા, સ્ટેટ બેંક, એચડીએફસી બેન્ક સહિતની બેંકોના અધિકારીઓ કર્મચારીઓ ઉપસ્થિત રહી કાર્યક્રમમાં હાજર રહેલી જાહેર જનતાને લોન અંગેની તમામ સાચી અને સચોટ સમજ અને માહિતી આપી લોન કઈ રીતે લેવી લેવી અને કઈ લોન પર કેટલા ટકા વ્યાજ થાય અને કેટલા ટકાએ લોન લઈ વ્યાજ ચૂકવવું જોઈએ અને વ્યાજ તેમ જ લોનની સમય મર્યાદાઓ અને તે અંગેની સાચી સમજ આપી સૌને માર્ગદર્શન આપ્યુ હતુ.

### જાહેર નોટીસ

શ્રી ડો. એ. પી. ચૌધરી, મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, ક્વાંટ તાલુકાની કોર્ટ.
જન્મ નોંધણી એસ. આર. નં. 51/ 2024

અરજદાર- રાઠવા બિલાડીયાભાઈ લાલસીંગભાઈ, રહે. ડુંગરગામ તા. ક્વાંટ જી. છોટાઉદેપુર.
સામાવાળા- જન્મ/ મરણ નોંધણી અધિકારી અને તલાટી કમ મંત્રીશ્રી ડુંગરગામ ગ્રા. પં., તા. ક્વાંટ, જી. છોટાઉદેપુર

જન્મ મરણ નોંધણી અધિનિયમ- 1969ની કલમ- 13 (3) હેઠળની અરજી અન્વયે જાહેર નોટીસ આથી લાગતા વળગતા ઈસમોને આપી જણાવવાનુંકે, અરજદારનાં પોતે નામે રાઠવા બિલાડીયાભાઈ લાલસીંગભાઈનું જન્મ તા. 01/06/1989 ના રોજ મોજે- ડુંગરગામ તા. ક્વાંટ જી. છોટાઉદેપુર મુકામે થયેલ પરંતુ જે તે વખતે કાયદાની અજ્ઞાનતાને કારણે તેમના જન્મની નોંધ ગ્રામ પંચાયતના રેકર્ડ દફતરે ડુંગરગામ ગ્રા. પં. ખાતે કરવાની રહી ગયેલ હોઈ જન્મની નોંધણી કરાવવા અરજી કરેલ છે. આ અરજીના અનુસંધાનમાં કોઈ ઈસમને વાંધો યા તકરાર હોય તો આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી 15 દિવસમાં અત્રેની કોર્ટમાં જરૂરી આધાર પુરાના સાથે વાંધો રજુ કરવો અન્યથા આગળ ન્યાયીક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા તમામ ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તારીખ 19/07/2024 નાં રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.
સહી સિક્કો (ડો. એ. પી. ચૌધરી)
એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર ક્વાંટ

---

15 દિવસના ટૂંકા ગાળામાં ડેસર તાલુકામાં વધુ એક હત્યા

# પતિ દ્વારા પત્નીને મોતને ઘાટ ઉતારવાનો બીજો કિસ્સો બન્યો

ચાર વર્ષની દીકરીએ માતાની છત્રછાયા ગુમાવી



(પ્રતિનિધિ) નસવાડી,તા,31
ડેસર તાલુકાના જુના સિહોરા ગામે રહેતા પતિ વનરાજસિંહ નરવતસિહ પરમારે તેની પત્ની કિંજલબેન વનરાજસિંહ પરમાર ને તા 30 જુલાઈની રાત્રે કોઈ કારણોસર ઝઘડો થતા ઝઘડાના ઉશ્કેરાટમાં પત્નીને માથાના ભાગે લોખંડની કોસ (પરાઈ) મારી હત્યા કરી હતી બનાવની પ્રાપ્ત વિગતો મુજબ તા 30 જુલાઈની રાત્રે ૧૦વાગે પતિ પત્ની વચ્ચે ઝઘડો થયો હતો ઝઘડો ઉગ્ર સ્વરૂપ ધારણ કરતા પતિ વનરાજસિંહ પરમારે ઉસકેરાઈ જઈને પત્ની કિંજલ ના માથાના ભાગે લોખંડની પરાઈ (કોસ) મારતા લોહી લુહાણ થઈ રસોડામાં પટકાઈ હતી અને ઘટના સ્થળે જ તેનું પ્રાણપંખેરું ઉડી ગયું હતું હત્યા કર્યા બાદ પતિ વનરાજસિંહ પરમારે જાતે બૂમો પાડીને જુના સિહોરા ના વાડી વિસ્તાર મા રહેતા પાડોશીઓને જાણ કરી હતી કે મારી પત્ની સાથે મારે ઝઘડો થતા મે પરાઈ માથામાં મારી તેને મોતને ઘાટ ઉતારી છે વાડી વિસ્તારમાં રહેતા લોકો રાત્રે ભેગા થયા હતા કેટલાક સગા સંબંધીઓ દ્વારા કિંજલ ના પિયર ગોધરા તાલુકાના નાકરેજી ગામે રહેતા માતા-પિતાને જાણ કરાઈ હતી મોડી રાત્રે માતા કાંતાબેન ચૌહાણ અને પિતા વિક્રમસિંહ ચૌહાણ ભાઈ વિપુલ સિહ ચૌહાણ સહિત પંચમહાલના નાકરેજી ગામના સગા વહાલાઓ જુના સિહોરા દીકરીના ઘરે દોડી આવ્યા હતા તેના ઘરમાં જઈને જોયું ત્યારે લોહી લુહાણ હાલતમાં વહાલ સોઇ દીકરીનો મૃતદેહ પડ્યો હતો તેના પિતા વિક્રમસિંહ ચૌહાણ દ્વારા ડેસર પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા જણાવ્યું હતું કે છ વર્ષ પહેલા તેના લગ્ન ડેસર ના જુના શિહોરામાં કરાયા હતા લગ્ન થયા બાદ એકાદ વર્ષ મારા જમાઈ વનરાજસિંહે મારી દીકરીને સારી રીતે રાખી હતી તે પછી વારંવાર ઝઘડા કરતો હતો એક મહિના પહેલા દીકરી મારા ઘરે આવી હતી ત્યારે ઘરના સભ્યોને કહેતી હતી કે મારો પતિ વનરાજ મારી સાથે અવારનવાર નાના મોટા ઝઘડા કરી મને માર મારે છે તેથી હવે મારે ત્યાં જવું નથી ત્યારે દીકરીને સમજાવીને ઘરના સભ્યો તથા હું કહેતા હતા કે થોડા સમયમાં બધું સારું થઈ જશે તેવું જણાવી તેને પરત તેના ઘરે મોકલી આપતા હતા પરંતુ ગતરોજ તો તેની સાથે ઝઘડો કરી ઉશ્કેરાઈને કિંજલ ને માથામાં લોખંડની પરાઈ મારી મોતને ઘાટ ઉતારી દીધી હતી મારી દીકરીને સંતાનમાં એક દીકરી નેહલ ચાર વર્ષ ની છે

જ્યારે ચારેક માસની પ્રેગનેન્સી હતી દીકરી ને નરાધમ જમાઈએ મોતને ઘાટ ઉતારતા માતા પિતા ઉપર દુઃખના પહાડ તૂટી પડ્યા હતા ડેસર પોલીસ મથકે ફરિયાદ નોંધાતા પોલીસ એક્શનમાં આવી હતી અને તાત્કાલિક તેના જુના સિહોરા ઘરે જઈ મુતદેહ ને પીએમ માટે ડેસર સીએસસી માં ખસેડી પતિ વનરાજસિંહ પરમારની અટકાયત કરી વધુ વિગતે તપાસ હાથ ધરી હતી.

---

અસરગ્રસ્ત પરિવારને સહાય કરવા માંગ

# સંતરામપુરના બટકવાડા ગામે એક કાચું મકાન ધરાશાયી થયું



(પ્રતિનિધિ) સંતરામપુર,તા,31
સંતરામપુર તાલુકાના બટકવાડા ગામે એક કાચું મકાન ભારે વરસાદ ના કારણે ધરાશય થયું ની ઘટના સામે આવી છે. સંતરામપુર તાલુકાના બટકવાડા ગામના મેણા ફળિયા વિસ્તારમાં રહેતા મકાન માલિક વિરાભાઇ કાળુભાઇ પારગી જેઓ આ મકાન માં પોતાનું પરિવાર સાથે યાની કે પતિ પત્ની અને પોતાના ત્રણ બાળકો સાથે રહે છે. અને પોતે બિલકુલ ગરીબ વર્ગ માથી આ પરિવાર આવે છે.

જેમાં આ ગરીબ પરિવાર વર્ગ પોતાના ઘરે મકાને સુઇ રહ્યાં હતા.ને 30 જુલાઈ 2024 ના રોજ સવારે ભારે વરસાદને કારણે કાચું મકાન પોતાનું તૂટી ફૂટી ધરાશય થયેલ હતુ. અને મકાન માં કોઈ જાનહાનિ સદ નસીબે થયેલ ન હતી અને પરીવાર નો આબાદ બચાવ થયેલ હતો. આ ધટનાની મકાન માલિકગામમાં સ્થાનિક સરપંચ અને ગામના ગ્રામ પંચાયત ના તલાટી ને જાણ કરેલ હતી. આ ગરીબ પરીવાર નુ કાચું મકાન વરસાદ ના લીધે તુટી પડતાં આ પરીવાર હાલ કફોડી હાલત માં મુકાઈ જવા પામ્યો છે.તયારેઆ અસરગ્રસ્ત પરીવાર ને જરુરી સહાય વહેલી તકે પુરી પડાય ને આ અસરગ્રસ્ત પરીવાર ને વહેલીતકે આવાસ મંજૂર કરી અપાય તે માટે જીલ્લા વહીવટી તંત્ર ને સ્થાનિક વહીવટીતંત્ર ત્વરીત કાર્યવાહી કરે તેવી માંગ ઉઠી છે.

---

છોટાઉદેપુર ડિસ્ટ્રિક્ટ કોર્ટેનો સપાટો

# ૧૯ વર્ષની યુવતીની છેડતી કરનાર આરોપીને સજા ફટકારી




(પ્રતિનિધિ) નસવાડી,તા,31
છોટાઉદેપુર જિલ્લાના કવાંટ તાલુકાના પાનવડ ખાતે તા.૧૭/૦૫/૨૦૨૧ના રોજ બે બહેનો બજારમા જીવન જરૂરી ચીજ વસ્તુઓ ખરીદી કરવા માટે નીકળી હતી અને ખરીદી કરી ઘરે પરત આવતી હતી.

ત્યારે આરોપી મુકેશભાઈ કંચનભાઈ પ્રજાપતિએ પાનવડ થી રાયછા જતા રોડ ઉપર 19 વર્ષની યુવતીને પાછળ થી પકડી તને ક્યારે નો પટાવા માંગુ છે તેમ કહી બળજબરી કરી છેડતી કરીને યુવતીની ઈજ્જત લેવાનો પ્રયાસ કર્યો હતો અને યુવતીના જાતી વિષયક શબ્દો બોલતા જે બાબતે પાનવડ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાતા જેને લઈ છોટાઉદેપુર ડિસ્ટ્રિક્ટ કોર્ટમાં કેસ ચાલી જતા સરકારી વકીલ રાજેન્દ્ર પરમાર યુવતી તરફે ધારદાર દલીલ કરતા મેજિસ્ટ્રેટએ તમામ આધારપુરાવા અને દલીલો સાંભળી આરોપી મુકેશભાઈ કંચનભાઈ પ્રજાપતિ રહે.પીપલદા તાલુકો કવાંટનાઓને એટ્રોસીટી એક્ટના ગુના હેઠળ ત્રણ વર્ષની સખત કેદ સજા અને ૧૦ હજાર રૂપીયાનો દંડ સાથે છેડતી કરવા બદલ ત્રણ વર્ષની સખદ કેદસજા અને ૫ હજાર રૂપિયાનો દંડનો હુકમ કર્યો હતો છોટાઉદેપુરની કોર્ટે ૧૯ વર્ષની મહિલાની છેડતી કરી અસભ્ય વર્તન કરનાર આધેડને સજા ફટકારી છે.

---

## ખાંડના સ્ટોક જાહેર કરવા બાબત અંગે દાહોદ જિલ્લા કલેક્ટરનુ જાહેરનામું

(પ્રતિનિધિ) દાહોદ,તા,31
ભારત સરકાર તથા ગુજરાત સરકારના અન્ન, જાહેર વિતરણ અને ગ્રાહક સુરક્ષા વિભાગ ધ્વારા ખાંડની સંગ્રહખોરીને નિયંત્રિત કરવા માટે સ્ટોક જાહેર કરવા અંગે સૂચના અપાયેલ છે. જે અનુસાર જીલ્લાના ખાંડના સ્ટોક હોલ્ડર્સ જેમ કે ટ્રેડર્સ, હોલસેલર્સ, રીટેલર્સ, બીગ ચેઈન રીટેઈલર્સ, પ્રોસેસર્સ કે અન્યને ભારત સરકારની વેબસાઈટ https://esugar.nic.in/ssmp/sp.html પરર જીસ્ટરકરવાઅનેતેમનીપાસેનાખાંડના સ્ટોકનેમે.ટનમાં (M.T.) અઠવાડિક (દર સોમવારે) ઉક્ત વેબસાઈટ પર જાહેર કરવા જણાવેલ છે. જે કોઈ સ્ટોક હોલ્ડરએ ઉપર મુજબનુ રજીસ્ટ્રેશન કરેલ ન હોય તો પોર્ટલ પર તેનું રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે. જો કોઈ સ્ટોક હોલ્ડર્સ પાસે નિર્ધારીત કરેલ ખાંડના સ્ટોક લીમીટ કરતા વધુ સ્ટોક જણાય તો તેમણે ભારત સરકારની વેબસાઈટ https://esugar.nic.in/ssmp/sp.html પોર્ટલ પર જથ્થો જાહેર કરવા રહેશે.

---

નસવાડી દેવલીયા રોડ પર વૃક્ષો કાપવાની કામગીરી હાથ ધરાઇ

# હાઈવે પર આડેધડ વૃક્ષો કાપવામાં આવતા વાહનચાલકોને ભારે હાલાકી

**45 થી 50** મિનિટ સુધી હાઇવે બંધ રહેતા ટ્રાફિકજામની સમસ્યા ઉભી થઇ હતી



(પ્રતિનિધિ) નસવાડી,તા,31
નસવાડી થી દેવલીયા રોડ નેશનલ હાઈવે નં 56 મુંબઈ અને મધ્યપ્રદેશ અને અમદાવાદ સહીત મુખ્ય શહેરોને જોડતો રસ્તો છે જયારે આ હાઈવે ઉપર થી હજારો વાહનો હરોજ પસાર થાય છે ત્યારે આ રોડ ઉપર નમી પડેલા જોખમી વૃક્ષઓને કાપવવા વન વિભાગ દ્વારા કામગીરી વહેલી થી શરૂ કરાઈ હતી અને મોટા મોટા વૃક્ષઓને રોડ ઉપર પાડી દેવામાં આવ્યા હતા જેના કારણે હાઈવે બંધ કરી દેવાયો હતો અને સામે સામે બે થી ત્રણ કિલો મીટર સુધી વાહનોની લાઈનો લાગી હતી જેમાં નસવાડી તાલુકામાં ફરજ બજાવતા શિક્ષકો કર્મચારીઓ સહીત અધિકારીઓ ટ્રાફિકમાં ફસાયા હતા 45 થી 50 મિનિટ સુધી હાઈવે બંધ રહ્યો હતો જેથી નોકરિયાત સમયસર ફરજ ઉપર પોહચી શક્યા ના હતા જયારે નિયમ મુજબ હાઈવે બંધ કરતા પેહલા જિલ્લા કલેક્ટરનું જાહેરનામું બહાર પાડવાનો હોય છે અને વાહનચાલકોને જાણકારી આપવાની હોય છે. પરંતુ અહીંયા તો આખો હાઈવે વન વિભાગના અધિકારીઓ પોતે જ પોતાની મનમાની કરી હાઈવે બંધ કરી દેતા વાહનચાલકોમાં પણ રોષ ભભૂકી ઉઠ્યો હતો અને નિયમોનો પણ અધિકારીઓએ ભંગ કર્યો હતો જયારે આટલા મોટા વૃક્ષઓ કાપવામાં આવ્યા જેનાથી વૃક્ષઓ હટાવવામાં ગણો સમય લાગી ગયો હતો જેનાથી લોકો અટવાયા હતા જયારે વન વિભાગે આયોજનપૂર્વક વૃક્ષો કાપ્યા હોત તો વાહનચાલકોને મુશ્કેલી સામનો ના કરવો પડતો.

---

નસવાડી તાલુકાના ખાપરીયા ગામે શાળાના ઓરડા જર્જરિત બન્યા

# 124 બાળકો શાળાના પ્રાંગણમાં પતરાના શેડ નીચે બેસી અભ્યાસ કરવા મજબૂર



(પ્રતિનિધિ) નસવાડી,તા,31
નસવાડી તાલુકાના ખાપરીયા ગામે ધોરણ 1 થી 8 પ્રાથમિક શાળા આવેલી છે જેમાં 124 બાળકો અભ્યાસ કરી રહ્યાં છે જેમાં જૂની શાળાના 7 ઓરડા જર્જરિત થતા તંત્ર દ્વારા બાળકોને શાળાના ઓરડામાં બેસાડવા નહિની સૂચના આચાર્યને આપતા છેલ્લા ઘણા સમય થી આચાર્ય પ્રાથમિક શાળાનો એક ઓરડો નવો બનેલો છે તેની સામે 8 ધોરણના વિધાર્થિનીઓને ક્યાં બેસાડવા તે પ્રશ્નો ઉભો થતા શાળાના આચાર્યએ જે ઓરડો સારો છે તેના કેમ્પસમાં પતરાના શેડ નીચે ધોરણ 4,5,6,7 આમ 4 વર્ગોના બાળકોએ બેસાડવામાં આવી રહ્યા છે જયારે ધોરણ 8 ના બાળકોને પ્રાથમિક શાળાના ઓટલા ઉપર બેસાડવામાં આવે છે જયારે શિક્ષકને બ્લેક બોર્ડ ઉપર લખવા માટે પણ જગ્યાનો અભાવ રહે છે જયારે ઓટલા ઉપર ભણતા બાળકોને પંખાની સુવિધા નથી જયારે પતરાના શેડ નીચે અભ્યાસ કરતા બાળકોને ચોમાસાના ટાણે વરસાદ પડે ત્યારે પાણી ચોપડા સહીત વસ્તુઓ ઉપર ના લાગે તે માટે આસપાસ પ્લાસ્ટિક મારવામાં આવ્યું છે તેમાથી પણ વરસાદમાં પાણી ટપકે છે આવી સ્થિતિમાં આદિવાસી બાળકો અભ્યાસ કરવા મજબુર બન્યા છે.

---

## શિનોરના કંજેઠા ગામે કેળના ખેતરમાં આવી ચડેલા ૮ ફુટ લાંબા અજગરનું રેસ્ક્યું કરવામાં આવ્યું



**શિનોર :** શિનોર તાલુકાના કંજેઠા ગામે સાંજે કેળના ખેતરમાં આવી ચડેલા આશરે ૮ ફુટ લાંબા અજગરનું વાઈલ્ડ લાઈફ રેસ્ક્યું ટ્રસ્ટ વડોદરાના કાર્યકર અશોકભાઈ પટેલ દ્વારા રેસ્ક્યું કરી તેને શિનોર વન વિભાગને સુપરત કરાયો હતો. મળતી માહિતી અનુસાર શિનોર તાલુકાના કંજેઠા ગામની સીમમાં રાજાભાઈ દેવાયતભાઈ રામનું કેળનું ખેતર આવેલું છે.જેમાં કેળાનું કટિંગ આવેલું હોય શ્રમિક મજૂરો કેળા કાપવાની કામગીરી કરી રહ્યા હતાં.તે દરમિયાન સાંજના ૫.૪૫ કલાકે અચાનક કેળ ના ખેતરમાં આશરે ૮ ફુટ લાંબો એક અજગર આવી ચડતાં બનાવ સંદર્ભે વાઈલ્ડ લાઈફ રેસ્ક્યું ટ્રસ્ટ વડોદરાના કાર્યકર અશોકભાઈ પટેલને કરી હતી.જેની જાણ થતાં જ અશોકભાઈ પટેલ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી અજગરને રેસ્ક્યું કરી શિનોર વન વિભાગના નિર્દેશ અનુસાર સુરક્ષિત રીતે કુદરતી વાતાવરણમાં રિલીઝ કરવામાં આવ્યો હતો...

---

# તણખલા અને આમરોલી રોડ ઉપર બ્રિજના પેરાફિટમાં તિરાડો પડી, વાહનચાલકો પર તોળાતુ સંકટ



(પ્રતિનિધિ) નસવાડી,તા,31
નસવાડી તાલુકાના તણખલા આમરોલી મુખ્ય રોડ ઉપર મેણ નદી પસાર થાય છે જયારે પલાસર ગામ નજીક એક બ્રિજ સ્ટેટ આર એન્ડ બી વિભાગ દ્વારા બનાવામાં આવ્યો છે જયારે નસવાડી તાલુકાના ડુંગર વિસ્તારના 100 થી વધુ ગામોને જોડતો આ બ્રિજ છે જયારે હરોજ અસંખ્ય વાહનો આ બ્રિજ ઉપર થી પસાર થાય છે વેપારનું મોટું મથક તણખલા ગામ ગણાય છે જેના કારણે ભારદારી વાહનો પણ મોટી સંખ્યામાં આ બ્રિજ ઉપર થી પસાર થાય છે જયારે આ બ્રિજ ઉપર 3 ફૂટની પેરાફીટ બનાવામાં આવેલ છે આ પેરાફિટમાં ઠેર ઠેર તિરાડો પડી ગઈ છે અમુક પેરાફીટનો ભાગ તિરાડો પડવાથી નમી ગયો છે જેથી ગમે ત્યારે ધરાશય થાય તેવી સ્થિતિમાં છે બ્રિજ ઉપર પેરાફીટ બનાવનું મુખ્ય કારણ કોઈ વાહન ચાલક સ્ટેરીંગ ઉપરનું કાબુ ગુમાવે ત્યારે પેરાફિટમાં ભટકાઈ જેથી બ્રિજ ઉપર જ અટકી જાય પરંતુ હાલ પેરાફીટ જ જજરીત હોવાથી ગમે ત્યારે પેરાફીટ માં વાહન ભટકાઈ તો સીધો વાહન ચાલક નીચે નદીમાં પડે તેમ છે જેના કારણે હાલ વાહનચાલકોને જીવનું જોખમ રહેલું છે હાલ સ્ટેટ આર એન્ડ બી વિભાગ બ્રિજ ની નીચે પોપડા ખરતા તેનું રીપેરીંગ પ્લાસ્ટર મારીને કરાવી રહી છે ત્યારે નિરીક્ષણ કરવા આવતા અધિકારીઓને કેમ આ જર્જરિત પેરાફીટ ના દેખાઈ તે એક પ્રશ્નો ઉભો થયો છે.

---

# વિશ્વ આદિવાસી દિવસની ઉજવણી સંતરામપુર આઝાદ મેદાન ખાતે થશે



(પ્રતિનિધિ) સંતરામપુર,તા,31
આગામી ૯મી ઓગષ્ટ, વિશ્વ આદિવાસી દિવસની મહીસાગર જિલ્લા કક્ષાની ઉજવણીના ભાગરૂપે મહીસાગર જિલ્લામાં સંતરામપુર આઝાદ મેદાન ખાતે ઉજવણી કરવામાં આવનાર છે. જેના આયોજન અને અમલવારી સંદર્ભે મહીસાગર જિલ્લા કલેક્ટર કચેરીના સભાખંડ ખાતે જિલ્લા કલેક્ટર શ્રીમતી નેહા કુમારીના અધ્યક્ષસ્થાને બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં કલેક્ટર શ્રીમતી નેહા કુમારીએ સંબંધિત વિભાગોને "વિશ્વ આદિવાસી દિવસ"ની પૂર્વ તૈયારી કરીને આ દિવસે લોકાર્પણ, ખાતમુહૂર્ત જેવી કામગીરીની વ્યવસ્થા, ઉત્કૃષ્ટ સિધ્ધી મેળવેલ આદિજાતિ વિધ્યાર્થીઓની વિગત તેમજ પાર્કિંગ,પીવાના પાણી, આરોગ્ય અને સ્વચ્છતા, સાંસ્કૃતિક કાર્યક્રમો, પ્રાથમિક સુવિધાઓ, સ્ટેજ-મંડપ, સાઉન્ડ સિસ્ટમ અંગેની સુચારુ વ્યવસ્થા ગોઠવવા માટે જરૂરી સૂચનાઓ આપી હતી.